# મોડાસા નગરપાલિકા તંત્રનો નવીન ગટર યોજનાનો અણઘડ વહીવટનો ઉત્કૃષ્ઠ નમૂનો

## માલપુર રોડ પર નવીન ભૂગર્ભ ગટરયોજનામાં લેવલીંગ અને ચોકઅપ થતા સમારકામ : નવીન ભૂગર્ભ ગટર યોજના પ્રથમ ગ્રાસે મક્ષિકા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા તંત્ર વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ખર્ચે કરી ભૂગર્ભ ગટર યોજના દ્વારા નિર્માણ કરવાની કામગીરી સતત ચાલી રહી છે. નવીન ભૂગર્ભ ગટર યોજનામાં હલકી કક્ષાનું અને ગુણવત્તા સભર કામકાજ ન થતા લેવલીંગ જળવાતું ન હોવાથી અને ગટરો ચોકઅપ થતા નગરપાલિકાતંત્રના કરોડો રૂપિયા પાણીમાં વહી જતા વરસાદી ઋતુમાં શહેર બેટમાં ફેરવાઈ જતા પ્રજાજનો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નગરપાલિકા તંત્રના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓની મીલીભગતના પગલે કોન્ટ્રાક્ટર મનફાવે તેવું કામ પૂર્ણ કરી નગરપાલિકાના રૂપિયા સેરવી લઈ ખિસ્સા ભરી રહ્યા છે. મોડાસા શહેરના હાર્દ સમા માલપુર રોડ પર આવેલા હનુમાન ચોક (કલ્યાણ) વિસ્તારમાંથી ચાર રસ્તા સુધી લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ નવીન ભૂગર્ભ ગટર યોજનામાં વરસાદી પાણીનો



નિકાલ કરે તે પહેલા ચોકઅપ થતા અને લેવેલીંગમાં વેરિએશન આવતા કર્મભૂમિ એપાર્ટમેન્ટ નજીક ફરીથી ખોદી કામગીરી હાથ ધરવામાં આવતા પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ચોમાસા પહેલા યોગ્ય નિકાલ નહિ થાય તો શહેરીજનોના લાખ્ખો રૂપિયા પાણીમાં વહી જવાની નોબત પેદા થઈ છે.

મોડાસા શહેરના માલપુર રોડ પર હનુમાન ચોક (કલ્યાણ વિસ્તાર)થી ચાર રસ્તા સુધી થોડાક મહિના અગાઉ લાખ્ખો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. નિર્માણ અંતિમ તબક્કામાં હતું ત્યારે કોન્ટ્રાક્ટરની બેદરકારી બહાર આવતા ગટરની પાઈપલાઈન અને સેફટી ટેન્કમાં કચરો ઉભરાતા અને પાણી બેક મારતા ગટરલાઈન ચોક અપ થવાની સંભાવના હોવાનો અહેવાલ એક માત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયો હતો અને નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા કમિટી બનાવી ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયા બાદ ગટરની ચકાસણી કરી કમિટીના યોગ્ય અભિપ્રાય પછીજ નગરપાલિકા તંત્રએ કોન્ટ્રાક્ટર પાસેથી હેન્ડઓવર (કબ્જો) લેવાની જાગૃત નાગરિકોની પ્રબળ માંગને વાચા આપવામાં આવી હતી. પરંતુ અગમ્ય કારણોસર નગરપાલિકા તંત્રએ ભૂગર્ભ ગટરનો કબ્જો લીધા બાદ પ્રિમોન્સુન પ્લાન હેઠળ કામગીરીમાં નવીન ગટર ચોક અપ હોવાનું ધ્યાને આવતા નગરપાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા ફરીથી ભૂગર્ભ ગટર યોજનાનું સમારકામ હાથ ધરવામાં આવતા કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી છતી થઈ હોવાનું બહાર આવ્યું હતું અને પ્રજાજનોમાં નગરપાલિકા તંત્ર ભ્રષ્ટ હોવાના લીધે કોન્ટ્રાક્ટરો કામમાં વેઠ ઉતારતા હોવાની ચર્ચા ટોક ઓફથી ટાઉન બની છે.

નગરપાલિકા તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર નવીન ભૂગર્ભ ગટર યોજનામાં માલપુર રોડ પર જૂની ભૂગર્ભ ગટર યોજનાની ગટરલાઈન પર જ નવીન ગટરલાઈનના ભૂંગળા બેસાડવામાં આવતા અને ચાર રસ્તા નજીક લેવેલીંગમાં અઢી ફૂટનું અંતર હોવાથી લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલી નવીન ભૂગર્ભ ગટર યોજના નકામી સાબિત થાય તો નવાઈ નહિ..? વધુમાં નવીન ભૂગર્ભ ગટરયોજનામાં સિમેન્ટના ભૂંગળા પણ જુના નાખવામાં આવ્યા હોવાનું અને મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



## ધોમ ધખતા તાપમાં વાસણ વેચવાની મજૂરી કરી માતાનો સધિયારો બનતી દીકરી

ડિજિટલ ઈન્ડિયાની વાતો અને વાઈબ્રન્ટ ગુજરાતની પોકળ ગુલબાંગો વચ્ચે ગરીબ પરિવારો અને બાળકોની સ્થિતિ એવીને આવીજ રહી છે. ઘરના ગુજરાન માટે અનેક બાળકો તેમના માતા-પિતાની વેઠિયા મજૂરીમાં સધિયારો બનતા હોય છે. ફરવા રમવા અને શિક્ષણ મેળવવાની ઉંમરમાં જવાબદારીના કારણે બાળપણ કચડાઈ મરતું હોય છે. પ્રસ્તુત તસ્વીરમાં ધોમ ધખતા તડકામાં એક દીકરી ઘરે ઘરે કપડાના બદલામાં વાસણ વેચી જીવન નિર્વાહ ચલાવતી માતાને મદદરૂપ બની માતાના માથા પરનો ભાર ઓછો કરવા તેના માથા પર વાસણ મૂકી મદદરૂપ થતી કેમેરામાં આબાદ ક્લિક થઈ હતી. કેમેરામાં ક્લિક થઈ રહેલી મહિલાના મોઢા પર સ્મિત છલકાઈ ઉઠાવાની સાથે સવાલ કરી જણાવ્યું હતું કે "સાયેબ અમારો ફોટો પાડી હું કરહો અમે તો ગરીબના ગરીબ રહ્યા સરકાર ગરીબો હોમે ચ્યો જોવસ"

# દઘાલીયા ગ્રામ પંચાયત દ્વારા દુકાનદારોને નોટિસ

## દુકાનો આગળ વાહનો ઉભા ન રાખવાની નોટીસથી દુકાનદારોમાં નારાજગી

મોડાસા તા.૨૦

મોડાસાના દઘાલીયા ગ્રામ પંચાયત દ્વારા ગામના બસ સ્ટોપથી લઈ ગામમાં જવાના મુખ્ય માર્ગ સરપંચ પોતે સત્તાનો દૂર ઉપયોગ કરી ચૂંટણીની અદાવત રાખી ગ્રામજનોને હેરાન કરતા હોય એવી ચર્ચાએ ગામમાં સરપંચ ઊભાં ન રાખવાની નોટિસ આપતા હોય અને દુકાન ધરાવતા એમના સગાઓને નોટીસથી દૂર રાખતા હોય ત્યારે ગામના પ્રથમ નાગરિક



પરની ૨૫ થી વધુ દુકાનો હોય જેઓને ગુરુવારના દિવસે દુકાનો આગળ વહનો નહિ મુકવા અને ઉભા ન રાખવા માટે નોટિસો આપવામાં આવી હતી, પરંતુ મુખ્ય માર્ગ પરની બે દુકાનોમાં સરપંચના કુટુંબીક સગાઓની દુકાનો આવેલી હોય તેઓને નોટિસ ન અપાતા ગામમાં સરપંચ વિરુદ્ધનું વાતાવરણ ઉભું થયું હતું. કાયદો દરેક માટે સરખો હોય છે. વિરુદ્ધ વાતાવરણનું નિર્માણ થયું છે. ગામમાં પાણી મહિનામાં ચાર વાર આવે છે. એવી ગ્રામજનોની જીવાદોરી સમાન સમસ્યા નિવારવામાં રસ દાખવતા ન હોય, સરપંચ જે ફળિયામાં રહે છે તે ફળિયામાંથી ૨૪ કલાક રસ્તા પર ગંધુ પાણી વહે છે, જે લોકો રસ્તા પર ગંધુ પાણી જવા દે છે એવા લોકો સામે પગલાં ન ભરતા હોય અને દુકાનો આગળ વાહનો એવા સરપંચના સગાવાદી વલણથી ગ્રામજનોમાં નારાજગી જોવા મળી હતી. ગ્રામ પંચાયત દ્વારા નોટિસ આપી એનાથી વિરોધ ન હોય પરંતુ સરપંચના નજીકના સબંધી દુકાનદારોને નોટીસથી દૂર રાખતા નારાજગી જોવા મળી હતી. ગામમાં જાહેર રસ્તાઓ પર ગંધુ પાણી છોડે છે એવા લોકો સામે પણ ગ્રામ પંચાયત પગલાં ભારે તેવી ગ્રામ જનોની માંગ છે.



## પ્રાંતિજના પિલુદા પાટીયા પાસે કાર પલ્ટી ખાઇ જતાં બેના મોત

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પિલુદા પાટીયા પાસે કાર પલ્ટીખાઈ જતાં એક યુવાન અને એક બાળક નુ ધટના સ્થળે બે ના મોત નિપજયા હતાં તો અન્ય ત્રણ ને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. પ્રાંતિજ ના નેશનલ હાઈવે આઠ પીલુદા પાટીયાં પાસે હિંમતનગર થી આવતી કાર ય્ન૭છ૭૩૧૨૬ મારૂતિ આઠસો પલ્ટી ખાઈ જતાં કારમાં સવાર પાંચ માંથી બે નું ધટના સ્થળે મોત નિપજ્યું હતું તો ત્રણ ને ઈજાઓ પહોચતા તેમણે ૧૦૮ મારફતે પહેલાં પ્રાંતિજ સિવિલ ખાતે અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં તો અકસ્માત અંગે ની જાણ પ્રાંતિજ પોલીસ ને થતાં તેવો પણ ધટના સ્થળે પહોચી આગળ ની કાર્યવાહી હાથધરી હતી.

# આગિયા પાસે રોડ વચ્ચે ગાય આવી જતા ચાર ઘાયલ

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે કાર સામે ગાય આવી જતા કાર ઝાડ સાથે ટકરાઈ હસ્તી જેમાં ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી.

કડી તાલુકાના ફૂલેત્રા ગામના ચાર લોકો રવિવારે શામળાજી દર્શન કરી ખેડબ્રહ્મા થઈ અંબાજી જાવા નીકળ્યા હતા ત્યારે આગિયા ગામ પાસે બે ગાયો આવી જતા તેમને બચાવવા જતા એક ગાય બચી ગઈ હતી જયારે એક ટકરાઈ હતી અને ગાડી ન.જી.જે.૨.સી.જી.૯૭૪૩ રોડ સાઈડ પર ઝાડ સાથે ટકરાઈ હતી જેમાં કારમાં બેઠેલા શૈલેષભાઈ ભોપાજી ઠાકોર ૨૧ વર્ષ, શિવાજી માલજી ઠાકોર ૨૧ વર્ષ, બીજલભાઈ કંનુજી ઠાકોર ૧૮ વર્ષ મુકેશભાઈ જયંતીભાઈ ૩૦ વર્ષ ને ઈજાઓ પહોંચતા ૧૦૮ ધ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# વિજાપુરના માણેકપુરા ખાતે આર.પી.એલ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ

## શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના ૨૨ ગામોમાંથી ૨૭ ટીમોએ ભાગ લીધો

પ્રાંતિજ, તા. ૨૦

મહેસાણા જિલ્લાનાં વિજાપુર તાલુકાના માંણેકપુરા ખાતે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ સંકુલ આવ્યું છે જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના ૨૨ ગામોમાંથી ૨૭ ટીમોએ આર.પી.એલ ડે-નાઈટ ક્રિકેટ ટુનામેન્ટમાં ભાગ લીધો છે અને પ્રથમ હિતેન્દ્રભાઈ રાવલ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ, વાઈસ ચેરમેન ભાસ્કરભાઈ તથા સમાજના હોદેદારો તથા શિવશકિતના હોદેદારો દ્વારા સુંદર



ખાતે આર.પી.એલ ડે-નાઈટ ક્રિકેટ ટુનામેન્ટનું સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે જેમાં સમાજનાં ૨૨ ગામોમાંથી ૨૭ ટીમોએ ભાંગ લીધો છે.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ તેમજ શ્રી શિવ શકિત સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સમાજ સંકુલ ખાતે આર.પી.એલ ડે-નાઈટ ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન કરવામાં દિવસે સમાજ સંકુલ ખાતે આઠ ટીમોની ક્રિકેટ ટુનામેન્ટ યોજાઈ હતી. જેમાં રણાસણ, કોકરોલ, પુંધરા, વિવેકાનંદ ટીમનો વિજય થયો હતો જયારે બીજી મેચો ૨૦થી ૨૬ સુધીમા યોજાશે અને ફાઈનલ મેચ ૨૭/૫/૨૦૧૮ના રોજ યોજાશે જયારે સમાજના પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશકિતના ચેરમેન સુરેશભાઈ રાવલ, સમાજનાં મંત્રી આયોજન કરવામાં આવ્યું છે. જયારે સમગ્ર ટુર્નામેન્ટનું સફળ સંચાલન સમાજના સહમંત્રી મનીષભાઈ રાવલ તથા શૈલેષભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું છે. સમગ્ર ટુર્નામેન્ટની ટ્રોફી અ.સો જયોત્સનાબેન રાજેન્દ્રકુમાર રાવલ હસ્તે- અનુપભાઈ તથા દર્શનભાઈ રાવલ વિજપુર દ્વારા આપવામાં આવશે.



## મેઘરજના ગાયત્રી મંદિર વિસ્તારમાં દિન દહાડે તસ્કરોનો હાથ ફેરો

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં દિન પ્રતિદિન ચોરીના ગુન્હાઓ વધતા જાય છે. ત્યારે રવિવારના રોજ બપોરના અરસામાં ગાયત્રી મંદિર વિસ્તારમાં બહાર ગયેલ પરીવારના મકાનમાં દિન દહાડે અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ચોરી થયાની જાણ આજુબાજુના રહીશોને થતા લોકો ઘટના સ્થળે એકઠા થયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ચોરી થનાર પરિવારના સભ્યો બનાવના દિવસે સવારે બહાર ગયા હતા અને તસ્કરો મકાનમાં હાથ ફેરો કરી પલાયન થઈ જતા પોલીસ કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

## પ્રાંતિજ ખાતે જમીન વેચાણ આપવાનું કહીને ત્રણ લાખ બાના પેટે મેળવી જમીન નામે ના કરતાં બે સામે ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ નર્સીંગ કોલેજ પાસે જમીન વેચાણ આપવાનું કહીને ૩,૦૦૦૦૦ બાના પેટે લઈ ફરીયાદીના નામે જમીન નહી કરાતા ફરીયાદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બે વિરૂધ્ધ છેતરપીંડીની ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંન્તીનાથ સોસાયટીમાં રહેતાં પટેલ અરવિંદભાઈ ખોડીદાસ કે જેવો એ પ્રાંતિજ ગામની સીમમાં આવેલ જુના સર્વે નં-/ બ્લોક નં ૧૦૫૯,૮૯૦ની જેનો સર્વે નં-૩૬૩ તથા ૩૬૪ની જમીન ફરયાદીને વેચાણ આપવાનું નકકી કરેલું અને બાનાપેટે રૂ. ૩,૦૦૦૦૦ લઈ ફરીયાદીના નામે જમીન નહી કરી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી ગુનો કરતા એકબીજાની મદદગીરી કરતાં પ્રાંતિજ પોલીસે જયંતિભાઈ ડાહ્યાલાલ સથવારા, અનિલભાઈ ઉર્ફે રાજુ જયંતિભાઈ ડાહ્યાલાલ સથવારા બન્ને રહે. હાલ અમદાવાદ નિર્ણયનગર વિરૂધ્ધ આઈપીસી કલમ-૪૨૦, ૪૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ચણાની ખરીદીમાં ધીમી ગતિથી ખેડૂતોને નુકશાન

## અત્યાર સુધીમાં માત્ર ૫૦૦ જેટલા ખેડૂતોનો જ માલ ખરીદાયો એક હજારથી વધુ ખેડૂતો ચણાના વેચાણ માટે રાહ જુવે છે

અરવલ્લી, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોએ મહા મહેનતે પકવેલા ચણાના પાકને હવે ટેકાના ભાવે વેચવા માટે ખેડૂતોએ અપાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલને ટેલીફોનીક વાત કરી ખેડૂતોએ પોતાનું દર્દ જણાવતા કહ્યું હતું કે ૨૦ એક દિવસ પહેલાથી અમે ચણાના વેચાણ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પરંતુ ટેકાના ભાવે ખરીદી કરી રહેલા અધિકારીઓની આળસથી અત્યાર સુધી માત્ર ૨૫ એપ્રિલ સુધીની ખરીદી ચાલી રહી છે અને આજ દિન સુધી માત્ર ૫૦૦ જેટલા ખેડૂતોનો જ મહામૂલો માલ ખરીદાયો છે. અને હજુ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ચુકેલા ૧૦૦૦ મણ એક હજારથી પણ વધુ ખેડૂતો પકવેલો ચણાનો માલ વેચવા માટે રાહ જોઈ બેઠા છે. ત્યારે કેટલાક ખેડૂતોએ પોતાનો મહા મૂલો પાક બગડી જવાની બિખથી માત્ર ૬૦૦ થી ૬૫૦ નાન જેવા ભાવે નુકસાન ભોગવી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિમાં વેચાણ કરવાની ફરજ પડી રહી છે.

ખુબજ ધીમી ગતિથી આ કામગીરી ચાલે છે જેને કારણે ખેડૂતોના નાણા અટવાયા છે. હાલ સમાજ સરકારી તંત્રને વિનંતી કરે છે કે ટેકાના ભાવે ખરીદીમાં ગતિ લાવવામાં આવે અને તેમાં પણ પારદર્શિતા સાથે મૂળ ખેડૂતનો જ



લગ્નની મોસમ ચાલી રહી છે તેવા સંજોગોમાં નાણા અટવાવાના લીધે ખેડૂતો મુજવણ અનુભવી રહ્યા છે. કારણ કે ખરીદી વગેરેનું કામ અટકી પડે તેવી સ્થિતિ છે અને ખરીદી કરવા જાય પોતાનો માલ હયાત હોવા છતા વ્યાજ કે ઉછીના પૈસા લઈને અવસર ઉકેલવાની ફરજ પડી રહી છે. જેથી ખેડૂતોમાં જવાબ તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે.

ત્યારે આવા સમયે ખેડૂતોના સાથમાં રહેતા અરવલ્લી ખેડૂત માલ ખરીદાય તેવી પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને જો ટુંક સમયમાં ખરીદી પ્રક્રિયામાં વેગ નહિ આવે તો ખેડૂત સમાજ ધરતીપુત્રોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગે અહિંસક અંદોલન કરશે. અને તેમ છતા પણ જો યોગ્ય નહિ થાય તો ના છુટકે ઉગ્ર અંદોલન થશે. અને તેની જવાબદારી તંત્રની રહશે. તેમ કટાક્ષ સાથે અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલે જણાવ્યું હતું.

## મોડાસાના વાણિયાદ પાસે ટ્રકે બાઈક ચાલકને ટક્કર મારતા ઘટનાસ્થળે મોત

મોડાસાના વણિયાદ ગામ નજીક રવિવારે બપોરના સુમારે બાઈક ચાલકને પુરઝડપે પસાર થતા ટ્રક ચાલકે અડફેટે લેતા બાઈક સવાર યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા ગામ લોકોએ આ અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી જઈ મૃતક યુવાનની લાશનો કબ્જો



લઈ પીએમ માટે ખસેડી અકસ્માત સર્જી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મોડાસા ભાવસાર સમાજનું ગૌરવ

મોડાસાના સર્વોદય હાઈસ્કૂલના રીટાયર્ડ ટિચર જયંતિભાઈ ભાવસાર જેભાના નામે ઓળખાતાના પપોત્ર હેનીલ નિરવકૂમાર ભાવસારે ઘોરણ ૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામા ૬૫૦ માંથી ૫૭૫ માર્કસ સાથે ૯૯.૨૩ ટકા સાથે સમગ્ર ભાવસાર સમાજનૂ ગોરવ વધારેલ છે. આને સમગ્ર મોડાસા ભાવસાર સમાજે અભિનંદન પાઠવી આવકાર આપ્યો છે.